**વડીલોને વંદન**
**અભિનંદન**
આજે જન્મદિવસ



પ્રવિણસિંહ એસ. રાઠોડ
(૧૯૪૪) મો. ૯૩૨૩૮૩૧૭૬૧

# રાજયનાં કર્મચારીઓનાં માસ સી.એલ.ના આંદોલનને કલોલમાં મિશ્ર પ્રતિસાદ

## તાલુકા પંચાયત કચેરી, આવકવેરા કચેરી, કલોલ તાલુકા શિક્ષણ સમિતિએ આંદોલનને ટેકો આપ્યો

કલોલ, તા. ૨૭

રાજય કર્મચારી સંકલન સમિતિનાં પ્રશ્નો અંગે અસંખ્ય રજુઆતો કરવા છતાંય આ પ્રશ્નોનું કોઈ નિરાકરણ ન કરતાં રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા માસ સી.એલ.નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત આ કાર્યક્રમને કલોલમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

રાજય કર્મચારી સંકલન સમિતિનાં કર્મચારીઓનાં પ્રશ્નોનાં નિરાકરણમાં મુદ્દે યોજાયેલ માસ સી.એલ.નાં આંદોલનને કલોલમાં તાલુકા પંચાયત કચેરી, ટેકનીકલ હાઈસ્કુલ, સેલ્સટેક્ષ કચેરી, નર્મદા નિગમ કચેરી સહિત કલોલ તાલુકા શિક્ષણ સમિતિનાં ૭૭૮ શિક્ષકોએ ટેકો પુરો પાડયો હતો. જેમાં તાલુકાની મોટા ભાગની કચેરીઓ આ આંદોલનમાં જોડાતાં સરકારી કાર્ય ઠપ્પ થઈ ગયું હતું. આ સરકારી કર્મચારીઓનાં માસ સી.એલ. આંદોલનને કલોલમાં સૌથી મોટું પીઠબળ કલોલ તાલુકા શિક્ષણ સમિતિએ આપ્યું હતું. જેમાં ૭૭૮ કર્મચારીઓ જોડાતાં તાલુકાનું પ્રાથમિક શિક્ષણ સંપૂર્ણ બંધ જોવા મળ્યું હતું. જેમાં સરકારી શિક્ષકો સહિત જોડાયેલ તાલુકા પંચાયત કર્મચારી ગણ અને આવકવેરા કચેરીએ પણ જોડાતાં શહેર જનતાને પોતાનાં રોજીંદા સરકારી કામો અટવાઈ જતાં મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજય કર્મચારી સમિતિનાં માસ સી.એલ. આંદોલનને કલોલમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.



# અંબાજીના માર્ગો પર પદયાત્રીઓનું ઘોડાપુર...

બોલ મારી અંબે જય જય અંબેના ગગનભેદી નારા સાથે ભાદરવી પૂનમે મહામેળામાં યાત્રાધામ અંબાજીના માર્ગો પગપાળા યાત્રાળુઓથી છલકાઈ રહ્યા છે. લાલ ધજાઓથી ત્રિશુળો સાથે ગરબે ઘૂમતા માના દર્શને પહોંચી ધન્યતા અનુભવવા અધીરા બન્યા છે. દુર-સુદૂરથી ભકતો બાળકો સાથે અબાલ-વૃધ્ધ સૌ કોઈ થનગનતા અંબેમાનો ઘમ્મર ઘડુલીયો...ભાદરવી પૂનમનો મેળો અંબાજી મા... ગરબે ઘૂમતા પહોંચવા અધીરા બન્યા છે. રસ્તામાં માર્ગ પર ઠેર ઠેર સેવા કેમ્પોવાળા દિવસ-રાત ભકતોની તમામ સેવામાં ઓતપ્રોત બન્યા છે. વહીવટી તંત્ર-પોલીસ તંત્ર યાત્રાળુઓની સેવામાં ખડે પગે વ્યસ્ત છે. આજ સુધીમાં યાત્રિકોની સંખ્યા ૮ લાખ સુખી પહોંચી હોવાનું જાણવા મળેલ છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર અને કાંતીલાલ લોધા, ડીસા)

## છત્રાલમાં પત્નિ સાથે મારઝુડ કરીને ત્રાસ ગુજારનાર પતિ વિરૂધ્ધ ફરીયાદ

કલોલ, તા. ૨૭

કલોલના છત્રાલ વિસ્તારમાં રહેતી પરિણીતાને તેનો પતિ શારિરીક-માનસિક ત્રાસ આપી ગડદાપાટુનો માર મારતો હોવાની ફરિયાદ પત્નિએ કલોલ શહેર પોલીસ મથકે નોંધાવી છે. પત્નિની ફરિયાદને આધારે કલોલ શહેર પોલીસે પતિ વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.


મળતી માહિતી મુજબ છત્રાલના કસ્બા વિસ્તારમાં રહેતા સૈયદ અલ્લઉદ્દિન મહંમદભાઈના લગ્ન તસ્લિમબાનુ સાથે થયા હતાં. અવારનવાર પત્નિને અલ્લઉદ્દીન શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. દરમિયાન ગઈ કાલે બપોરના સુમારે તેણે તસ્લીમબાનુને ગડદાપાટુનો માર મારીને ઝુડી નાંખી હતી. આ મામલે તસ્લીમબાનુએ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ કલોલ તાલુકા પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને પોતાને માર મારીને ત્રાસ ગુજારનાર પતિ વિરૂધ્ધ ફરિયાદ આપતા કલોલ તાલુકા પોલીસ મથકનાં એ.એસ.આઈ. ઈશ્વરજીએ ગુનો દાખલ કરીને સઘન તપાસ શરુ કરી છે.

## કલોલ પૂર્વમાં યુવતીનો એસીડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ

કલોલ, તા. ૨૭

કલોલ પૂર્વ વિસ્તારમાં આવેલી મજુર હાઉસીંગ સોસાયટીમાં રહેતી ૨૪ વર્ષીય યુવતી અંકિતા રમેશચંદ્ર પરીખે ગઈકાલે પોતાના ઘરે સાંજના સુમારે એસીડ ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. પરીવારજનોને આ અંગે જાણ થતા તેણીને તાત્કાલીક હોસ્પિટલ લઈ જવાઈ હતી. યુવતીએ કયાં કારણોસર આપઘાતનો પ્રયાસ કર્યો તેનું ચોક્કસ કારણ બહાર આવવા પામ્યું નથી. જો કે કલોલ શહેર પોલીસે તપાસ કરતાં માનસિક બીમારીથી કંટાળી જઈ યુવતીએ પગલુ ભર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવવા પામ્યું છે. હાલ યુવતિની તબીયત સુધારા પર છે.

## શબ્દાવલી - ૪૮૫૫



**આડી ચાવી**

૧. સંપ નહિ તે (૩)
૪. હલકું, નીચ (૨)
૬. નવપરણિત યુગલ (૫)
૮. આઠેય અંગો વાંકા હોય તે (૪)
૧૦. નિકાસનું વિરોધી (૩)
૧૧. એક વાનગી (૩)
૧૪. શરીર પર તલ જેવો મોટો ડાઘ હોય તે (૨)
૧૫. દાડમની કળી (૫)
૧૭. કપાળ (૩)
૧૯. મારૂં (૨)
૨૦. ઉપર નીચે થવું, ચડવું-ઉતરવું (૫)

**ઊભી ચાવી**

૨. સંતોષ થયો હોય તેવું (૩)
૩. ક્ષાર (૨)
૪. ભેંસનું માદા બચ્ચું (૨)
૫. કન્યાએ પ્રથમ પ્રસવ પછી અપાતું આણું (૩)
૬. વાંકુ (૨)
૭. બાળકોને સાચવવા માટે મુકવામાં આવે તે જગ્યા (૫)
૮. દેશ-વિદેશ (૬)
૧૨. ચોરસ ટુકડા (૩)
૧૩. કેળવણી, શિક્ષણ (૩)
૧૬. કેડ (૩)
૧૮. સો... નું સોનું, સોનાની ખરાઈનું માપ (૨)

**શબ્દાવલી ૪૮૫૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સંતુલન (૫) લાડવા (૭) દેરાસર (૮) પતજડ (૧૦) ઉપકાર (૧૧) બોપટ્ટી (૧૨) વાત (૧૫) જોર (૧૬) ગરજવાન (૧૮) વદાડવું (૨૦) અંટશ (૨૧) બરજ

**ઊભી ચાવી :-** (૧) સંદેશ (૨) તુરા (૩) લસરપટ્ટી (૪) નર (૫) લાનત (૬) વાવડ (૮) પરવારવું (૯) જરા (૧૦) ઉપરવટ (૧૦) બોજો (૧૩) તજ (૧૪) ભાન (૧૬) ગડ (૧૭) વાયર (૧૯) દાશ

## છત્રાલ જીઆઈડીસીમાં વેલ્વેટની ફેકટરીમાં આગ

કલોલ, તા. ૨૭

કલોલની છત્રાલ જીઆઈડીસીમાં આવેલી ગુજરાત ફલોટેક્ષ પ્રા.લી.માં વેલ્વેટના કાપડના પડદા તૈયાર થાય છે. ગઈકાલે સાંજના સુમારે આ વેલ્વેટની ફેક્ટરીમાં અચાનક શોર્ટસર્કીટ થતા કાપડે આગ પકડી લીધી અને ધીમે ધીમે આગ મોટુ સ્વરૂપ ધારણ કરી દીધી હતી. કામદારો સહીત માલીક દોડીને ફેકટરીની બહાર નીકળી જતા કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી. કલોલ ફાયરબ્રિગેડને આ અંગે જાણ કરતાં ફાયરની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં મેળવી લીધી હતી. ફેકટરીમાં વેલ્વેટનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે જાનહાની થવા પામી ન હતી.

## બોરીસણાની યુવતી ૧૦ દિવસથી ગુમ

કલોલ, તા. ૨૭

કલોલ નજીક આવેલા બોરીસણા ગામમાં રહેતી ૧૯ વર્ષીય યુવતી સંગીતા ભલાજી ઠાકોર ૧૬મી સપ્ટેમ્બરે બપોરના સુમારે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. પરિવારજનોએ કરેલી ભારે શોધખોળ બાદ પણ તેણીનો કોઈ પત્તો ન મળતા પરિવારજનોએ પોલીસની મદદ લીધી છે. કલોલ તાલુકા પોલીસે યુવતીના ગુમ થયાની જાણવાજોગ અરજી લી વધુ તપાસ આરંભી છે.

## તંત્રને ઘેરી અસર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નહીં આવે તો આગામી વિધાનસભા ચૂંટણીમાં સરકાર વિરુધ્ધ મતદાન કરવાની ચિમકી પણ સંકલન સમિતિ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. કર્મચારીઓના માસ સી.એલ.ના કાર્યક્રમને પગલે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી માટે સરકારી કચેરીઓ પર સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.


## પાંચ દિવસનું સપ્તાહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર ઉપર કેટલો આર્થીક બોજો આવે તેમ છે અને કઈ કઈ સ્વીકારવી જોઈએ એ અંગેનું એક પેકેજ તૈયાર કરી નાંખ્યું છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હાલ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં હાજરી આપવા દિલ્હી ગયા છે. જ્યાંથી કાલે સાંજે પરત ફરશે ત્યારબાદ મંત્રીઓની પેટા સમિતિ કર્મચારીઓની માંગણીઓ અંગેની રજુઆત અને તૈયાર કરવામાં આવેલ પેકેજ મુખ્યમંત્રી સમક્ષ રજુ કરીને ચર્ચા વિચારણા કરશે અને મુખ્યમંત્રીની મંજુરી મળ્યા બાદ પેકેજને આખરી ઓપ આપીને ૩૦મીને સપ્ટેમ્બરના રોજ મળનાર તલાટી સંમેલનમાં આ પેકેજ જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ પેકેજમાં પગાર તફાવતના પાંચમો હપ્તો રોકડમાં ચૂકવવા, મેડીકલ એલાઉન્સમાં વધારો કરવા, પાંચ દિવસનું અઠવાડીયું કરવા, શિક્ષણ ભથ્થુ અને ટ્રાન્સપોર્ટ ભથ્થા આપવા જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.





ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજયભરમાં યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુરુવારે વીરપુરથી આ યાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે આ પ્રસંગે ઉદ્‌બોધન કર્યો હતો.

# નજીવી બાબતે અથડામણ બાદ બે કારને સળગાવાઈ

### નેનો પ્લાન્ટના અધિકારીની કાર પણ સળગાવાઇ : બોપલ પોલીસ મથકમાં ગુનો દાખલ: પોલીસની વધુ તપાસ શરૂ

અમદાવાદ, તા. ૨૭

બોપલમાં કાર અથડાવા બાબતે અથડામણ થતાં એક જુથના લોકોએ બે કારને આગ ચાંપી દીધી હતી. આ અંગે બોપલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોપલ ઈન્ડિયા કોલોની ખાતે રવિન્દ્રકુમાર ફુલચંદ જૈન (ઉવ ૪૪) પોતાના પરિવાર સાથે રહે છે તેઓ નેનો પ્લાન્ટમાં વાયરીંગ હેડ તરીકે ફરજ બજાવે છે. ગત મોડી સાંજે તેઓ બોપલથી પોતાની કાર લઈ પસાર થઈ રહ્યા હતા. દરમ્યાનમાં તેમની કારને અન્ય એક કારના ચાલકે ટક્કર મારી હતી. જેથી તેમણે ઠપકો આપતા બોલાચાલી થઈ હતી. બાદમાં રવિન્દ્રકુમાર પોતાની કાર લઈ ત્યાંથી નીકળી ગયા હતા. દરમ્યાનમાં કાર ચાલક શખ્સ તેમની પાછળ પાછળ પોતાના મિત્રોને લઈને આવ્યો હતો અને રવિન્દ્રભાઈની કાર આંતરી લીધી હતી. તેમજ તેમને માર માર્યો હતો. આ ઉપરાંત રવિન્દ્રભાઈની કાર સળગાવી દીધી હતી. તેમજ એક અન્ય કાર પણ સળગાવી દીધી હતી. બાદમાં તેઓ ફરાર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં બોપલ પોલીસની ટીમ દોડી આવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમીનની નિયુક્તિને રદ કરવા પ્રણવને રજૂઆત

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં ૧૦+૨ની વ્યવસાયલક્ષી પ્રવાહની આખીય યોજના જે શાસનમાં ભ્રષ્ટાચારનો અખાડો બનાવી દેવામાં આવી હતી. રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટીમાં છાશવારે અશાંતિ ઉભી કરવામાં અને યુનિવર્સિટીની ગરિમાને લાંછન લગાડવાના કૃત્યોમાં જે સંકળાયેલા છે તેવા આગેવાન નરહરિ અમીનની ગુજ.યુનિ.માં સેનેટ અને સિન્ડીકેટ તરીકે નિમણુંક કરી રાજભવન દ્વારા શિક્ષણજગતમાં ઘોર ખોદવાનું કાર્ય કરવામાં આવે છે. યુનિવર્સિટીના વાતાવરણે શુદ્ધ અને શૈક્ષણિક બનાવવા આ પ્રકારી નિમણૂંકોને રદ કરવાની વિનંતી સાથે ગુજ.યુનિ. પૂર્વ સેનેટ સભ્ય સી.એમ. પટેલ અને સહકન્વીનર નવીન પટેલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર લખીને વિધિવત રજૂઆત કરવામાં આવી છે.

## ૮૨ ટીમની રચના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓક્ટો.થી તાલિમનો પણ પ્રારંભ થઈ રહ્યો છે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતેના ચાર જુદા જુદા હોલમાં એક સાથે ૨૫૦ જેટલા કર્મચારીઓને આ માટેની તાલીમ આપવામાં આવનાર છે. આ તાલીમનો પ્રથમ તબક્કો હશે. જે દિવસે જ ચૂંટણી અંગેની જાહેરાત પંચ દ્વારા થશે તે જ દિવસથી આ ટીમોની કામગીરીનો આરંભ થશે એટલે આ ટીમોની રચના કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્ટેટીક સર્વેલન્સ ટીમો ૩૦, વિડીયો વ્યુવીંગ ટીમ-૬, વિડીયો સર્વેલન્સની ટીમો ૨૫ ફલાઈંગ સ્કવોડ અને એકાઉન્ટીંગ માટેની પણ ૧૨ જેટલી ટીમો બનાવવામાં આવી છે.

તંત્ર દ્વારા આ તૈયારીઓના ભાગ રૂપે અગાઉ ૧૬ જેટલા નોડલ ઓફિસરોની નિયુક્તીના પણ હુકમો પણ જારી કરી દીધા છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીની તૈયારીઓ તંત્ર દ્વારા પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે. હવે નિમણુંકોનો તબક્કો પુરો થઈ ગયો છે અને આગામી સપ્તાહથી તાલિમનો તબક્કો શરૂ થશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા તાલીમની કામગીરી પણ નવરાત્રી સુધીમાં સંપન્ન થઈ જાય તે રીતે આખુ આયોજન હાથ ધર્યુ હોવાનું જાણવા મળેલ છે.

## પાલનપુર ઈકબાલગઢ ખાતે ગંજમાં આઈ.ટી.ના દરોડાથી વેપારીઓમાં ફફડાટ

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર અને ઈકબાલગઢ ખાતે ગંજની પેઢીમાં અમદાવાદના આઈ.ટી. અધિકારીઓએ આજે દરોડા પાડતા ગંજબજારના વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

આજે સવારથી જ અમદાવાદના આઈ.ટી. અધિકારીઓની ટીમે સ્થાનિક પોલીસને સાથે રાખી પાલનપુર ગંજ બજારમાં દરોડા પાડ્યા હતા. અધિકારીઓને મળેલી બાતમીના આધારે કેદારનાથ એન્ટરપ્રાઈઝ મનોજ બાબુભાઈ અગ્રવાલને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ.

આજે સવારથી સાંજ સુધી અધિકારીઓએ ખાતાકીય હિસાબ વિશે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. જો કે આવકવેરા અધિકારીઓ પાસેથી મીડીયાને કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. પરંતુ આ દરોડાથી કોમોડીટીના વેપારીઓમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. અધિકારીઓએ ઈકબાલગઢ ખાતે પણ દરોડો પાડ્યો હોવાનું જાણવા મળેલ છે.

## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે જાકીરભાઈ ચૌહાણની વરણી

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે પાલનપુરના મુસ્લિમ યુવાન કોંગ્રેસી નેતા જાકીરભાઈ ચૌહાણની આજે દિલ્હીથી ઓર્ડર આવતા નીમણુંક કરાઈ છે.

છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા કોંગ્રેસ પ્રમુખની જગ્યા ખાલી હતી. કોંગ્રેસના પ્રમુખ બહાદુરસિંહ વાઘેલાએ રાજીનામુ આપ્યું હતું જે પ્રદેશ પ્રમુખે મંજુરીની મહોર મારી હતી. આગામી દિવસોમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ક્ષિતિજે ડોકાઈ રહી છે ત્યારે કોંગ્રેસ હાઈ કમાન્ડે બનાસકાંઠામાં યુવાવસ્થાથી યુથ કોંગ્રેસમાં સતત બે ટર્મ સુધી સેવા આપનાર લોકચાહના ધરાવતા જાકીરભાઈ ચૌહાણને બનાસકાંઠા કોંગ્રેસની બાગડોર આજે સોંપી હતી. જેને બનાસકાંઠાના કોંગ્રેસી કાર્યકરોએ હર્ષભેર વધાવી લીધી છે.

## ગુજરાત વિધાનસભા ખાતે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતાં અધ્યક્ષશ્રી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત વિધાનસભા ખાતે સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલના ૧૪૦માં જન્મદિને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાએ સ્વર્ગસ્થના તૈલચિત્ર સમક્ષ તેમજ વિધાનસભા પટાંગણમાં આવેલ તેઓશ્રીની પ્રતિમા સમક્ષ ભાવપૂર્વક શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં.

સરદાર વલ્લભભાઈ પટેલના મોટાભાઈ અને મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલનું યોગદાન આઝાદીની ચળવળમાં અતિ મહત્વનું રહ્યું છે. તેઓની મુસદ્દીગીરી સમગ્ર ભારતમાં વખણાતી હતી.

પુષ્પાંજલી સમારોહ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સચિવશ્રી ડી.એમ. પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.